

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*શંકાશીલ સાચાં સોનાને કસોટી પર ઘસે છે,*
*વગર વાંકે પણ નિર્દોષો પર સકંજો કસે છે,*
*હસે છે કટ્ટરતા અને રડે છે કોમી ઐક્ય -*
*કરો કદક, અહીં નસીરુદ્દીનો પણ વસે છે.*
*(માત્ર હિન્દુઓ જ કાયદાનું પાલન કરે છે - એક નિવેદન)*

### હાઈકુ

*એક છ છાંટો -*
*આખું દૂધ તપેલું -*
*બગાડે નામ !*

*ચાહે છે પ્રેમે*
*શિક્ષિત ને સજ્જનો -*
*જન્મભૂમિને...*

### ચિંતન

**ઉગ્રો રાજા માન્યમાનો બ્રાહ્મણં યો જિઘત્સતિ ।**
**પરા તત્ સિચ્યતે રાષ્ટ્ર બ્રાહ્મણો યત્ર જીયતે ॥**

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

જે રાષ્ટ્રમાં બ્રાહ્મણોને અને વેદવેત્તાઓને સતાવવામાં આવે છે તે રાજય જ્ઞાનહીન થઈને નાશ પામે છે.

જેમ એક સૂર્ય સમસ્ય અંધકારનો નાશ કરે છે. એમ જ વિદ્વાનો એ ફેલાયેલું જ્ઞાન સમાજમાં ફેલાયેલા અજ્ઞાનનો, કુરિવાજોનો તથા કુવિચારોનો નાશ કરે છે. સમાજે એવા જ્ઞાની માણસોનું સન્માન કરવું. વિદ્વાનો બીજા લોકોને તેમના દોષદુર્ગુણોથી સતર્ક કરીને તેમને સન્માર્ગે ચાલવાનો પ્રકાશ આપે. તે પણ ખૂબ જરૂરી છે. સાચા રાષ્ટ્રીય વિદ્વાનો અને વેદવેત્તાઓ દ્વારા બતાવેલાં માર્ગનું અનુસરણ કરીને રાષ્ટ્રના અને પોતાના સ્વાભિમાનની રક્ષા કરીએ અને દેશને નષ્ટ થતો બચાવીએ.

આજે ધર્મની, રાષ્ટ્રીયતાની, જ્ઞાનની વાત કરનારને અપમાનિત કરાય છે, જેનું પરિણામ એ આવ્યું છે કે ચારે તરફ અજ્ઞાનનું વાતાવરણ ફેલાઈ ગયું છે, લોકોની સત્ય અને અસત્યનો ભેદ કરવાની વિવેક બુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે. રાષ્ટ્ર ફરી ગુલામીના માર્ગે વધીને નષ્ઠ થવાની સ્થિતિમાં આવી ગયું છે.

### સુવિચાર

- સવાલ : પ્રાપ્તિ પતનનું કારણ બની શકે ?
  જવાબ : હા, જો પાત્રતા ન હોય તો... - **પૂજ્યરત્ન સુંદરસુરિજી**
- ઉત્તમ પુસ્તક મહાન આત્માના અમૂલ્ય જીવનનું લોહી છે - **મિલ્ટન**
- જે કામ આવી પડે તેને ઉપાસના સમજી પૂરું કરો - **સ્વામી રામદાસ**
- શેતાન બીજાને લોભાવે છે, પણ આળસુ શેતાનને લોભાવે છે - **અંગ્રેજી કહેવત**
- જયારે આત્મા કંઈક કહે અને બુદ્ધિ સાવ બીજું જ કંઈક કહે,
  એવા સમયે તમે આત્માનું જ કહ્યું કરજો - **સ્વામી વિવેકાનંદ**
- જો તમે મદદ કરશો તો તમને મદદ મળશે, કદાચ આવતીકાલે કે કદાચ સો વર્ષે પણ તમને મદદ મળશે,
  કુદરત દેવું અવશ્ય ચૂકવશે. એ ગણિતનો નિયમ છે,
  અને સમગ્ર જીવન એક ગણિત શાસ્ત્ર છે - **ગુર્જિએફ**
- આજનું ઔષધ : આધાશીશીના દુખાવા પર અશ્વગંધાનું ચૂર્ણ પાણીમાં ઉમેરીને પેસ્ટનો લેપ કરવો.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મહાન સૂફી સંત બાયજીદ બસ્તામીને એક ગામડાના માણસે પૂછ્યું, 'આપની ભક્તિ, નમ્રતા અને જ્ઞાન ઉચ્ચત્તમ કક્ષાના છે તો આપને આવી જીવનદૃષ્ટિ કયાંથી મળી હતી?' સંત બાયજીતે કહ્યું, 'એકવાર હું જંગલમાં ફરતો હતો, ઈશ્વરભક્તિમાં મસ્ત હતો. એક સમયે વૃદ્ધા મારી પાસે આવી માથે લોટની ગુણ હતી. તે ચાલી ચાલીને ખૂબ થાકી ગઈ હતી. તેણે મને કહ્યું કે આ ગુણી મારા માટે ઘરે પહોંચાડવી છે.' બાયજીદે તો જંગલના સૌ પ્રાણી સાથે દોસ્તી હતી. એમણે જંગલમાં વાઘને સાદ પાડ્યો અને વૃદ્ધાને કહ્યું,'આ વાઘની પીઠ પર તમારી ગુણ મૂકી દો. વાઘ તમારી સાથે આવશે અને તમને છેક ઘર સુધી મૂકી જશે.' વૃદ્ધાએ કહ્યું, 'આવું શાને કરો છો?' વૃદ્ધાને કહ્યું, 'મને ગામ લોકો પૂછશે કે તમને આવી સગવડ કોણે કરી આપી તો લોકોને હું શું કહીશ ? કે એક નિર્દય અને ઘમંડી સંતે મને દદ કરી.' બાયજીદે કહ્યું, 'હું નિર્દય અને ઘમંડી સંતે મને મદદ કરી.' બાયજીદે કહ્યું, 'હું નિર્દય અને ઘમંડી ? કેવી રીતે ?' વૃદ્ધાએ કહ્યું, 'તમે જાતે મદદ કરવાને બદલે વાઘને મદદ કરવાનું કહ્યું, એ વાઘ ને તમે વગર કારણે તકલીફ આપી એટલે તમે નિર્દય, અને તમને મને એવું બતાવવા માંગો છો કે વાઘ જેવું હિંસક પ્રાણી પણ તમારા વશમાં છે, જે કહ્યાગરા નોકરની જેમ કામ કરે છે એટલે કે તમારે તમારો ઘમંડ બતાવવો છે.' બાયજીદે કહ્યું, 'ભાઈ, એ વૃદ્ધા પાસેથી મને જીવન દૃષ્ટિ મળી.' ગ્રામવાસી સૂફી સંતને સલામ કરી પરત ફર્યા.

# દિવ્યાંગ ખેલાડીઓએ રંગ રાખ્યો

### તંત્રીસ્થાનેથી...

ટોકિયો ઓલિમ્પિક અને પેરા ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન અન્ય દેશોની સરખામણીએ ભલે નબળું રહ્યું હોય પરંતુ અગાઉના પોતાના પ્રદર્શન કરતાં ઘણું સારું રહ્યું છે. સવિશેષ પેરા ઓલિમ્પિકમાં તો આપણા ખેલાડીઓએ રંગ રાખ્યો છે. ઓલિમ્પિકમાં સાત અને પેરા ઓલિમ્પિકમાં અધધ ઓગણીસ મેડલ મેળવીને આપણી તરુણ પેઢીએ ઊજળી આવતી કાલનો સંકેત આપી દીધો છે. ઉત્તર ગુજરાતના નાનકડા સુંઢિયા ગામની પટેલપુત્રીએ સિલ્વર મેડલથી શરૂઆથ કરી જે એ પછીના ખેલાડીઓ માટે શુકનિયાળ નીવડી અને પૂર્ણાહૂતિ થતાં સુધીમાં સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રકોનો ઢગલો ખડકાઈ ગયો. ભારતીય ખેલાડીઓએ પાંચ ગોલ્ડ, આઠ સિલ્વર અને છ બ્રોન્ઝ મેડલ જીતી એક રીતે ભારતીય ખેલો પૂરતો તો વિક્રમ જ સ્થાપ્યો છે. અવનિ લેખરા, પ્રમોદ ભગત, કૃષ્ણા નાગર, સુમિત અંટિલ અને મનીષ નરવાલને સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો છે તો ભાવિકા પટેલ, સિંહરાજ, યોગેશ કથુરિયા, નિષાદ કુમાર, મરિયપ્પન થંગાવેલું, પ્રવીણકુમાર, દેવેન્દ્ર ઝાઝરિયા અને સુહાસ યતિરાજને સિલ્વર મેડલ જીત્યો છે. વળી અવનિ અને સિંહરાજે તો બ્રોન્ઝ પણ મેળવેલ છે. દિવ્યાંગ ખેલાડીઓને વિશ્વકક્ષાના રમતોત્સવમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતા જોઈ વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ સહિત દેશના દરેક નાગરિકને ગર્વ અને ગૌરવ જ થાય. વડાપ્રધાને યોગ્ય જ પ્રતિભાવ પાઠવ્યો છે કે ટોકિયો પેરાલિમ્પિકની ઉપલબ્ધિ દરેક ભારતીયોની સ્મૃતિમાં કંડારાઈ જશે અને રમતવીરોની ભાવિ પેઢીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે. અવનિ લેખરા એની વ્હીલચૅરમાં બેસીને ત્રિરંગો ફરકાવતી પૂર્ણાહૂતિ સમારંભમાં આગળ ધપી રહી હતી એ કેવું માંગલિક અને પ્રેરણાદાયક દૃશ્ય હતું ! આ દેશની કન્યામાં એ કૌવત છે કે વિશ્વકક્ષાએ જઈ દેશનું નામ રોશન કરી શકે. એના વિવિધ આયામો હોઈ શકે. કોઈ કિરણ બેદી પ્રજાસત્તાક દિવસની પરેડમાં ધસી આવેલા આતંકવાદીઓને દંડો પછાડી દૂર હટાવી શકે છે અને કાળક્રમે દિલ્હીની તિહાડ જેલને આશ્રમમાં ફેરવી શકે છે. ઈંદિરા પ્રિયદર્શિની પાકિસ્તાનની પૂર્વ પાંખને બાંગ્લાદેશમાં ફેરવી શકે છે. કલ્પના ચાલવા અંતરિક્ષના તાગ મેળવવા જતાં અંતરિક્ષમાં જ સમાઈ સકે છે. સુનિતા વિલિયમ્સ એના અધૂરા કોડ પૂરા કરે છે અને દક્ષિણ ભારતીય પરિવારમાં જન્મેલી કમલા હેરિસ અમેરિકા જેવી મહાસત્તામાં 'નંબર-ટુ' જેવું મોટું પદ મેળવી શકે છે. આ કૌવતની કદર થવી જોઈએ જે પુરુષ પ્રધાન માનસિકતાને કારણે પૂરતા પ્રમાણમાં થઈ શકી નથી. પરંતુ હવે સમય પોતે જ બદલાયો છે અને નારી પુરુષ સમોવડી જ નહીં બલકે એના કરતાં પણ આગળ નીકળી શકે એવી ક્ષમતા દાખવી રહી છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં નવા નવ જજોની નિમણૂંક થઈ છે એમાં ત્રણ મહિલાઓ છે. આગામી વર્ષો દરમિયાન આપણને મહિલા ચીફ જસ્ટિસ પર મળવાનાં છે. જો કે તેમ છતાં પુરુષોની સરખામણીએ મહિલાઓની સંખ્યા મર્યાદિત રહી છે તેની નોંધ ખુદ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિએ લીધી છે. સરકારે અને સમાજે આ મુદ્દે ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે. મહિલાઓની જે સ્થિતિ ઈસ્લામિક રાષ્ટ્રોમાં છે એ જોઈએ તો કોઈ પણ સંવેદનશીલ માનવીનું દિલ દ્રવી જ ઊઠે છે. આતંકવાદી તાલિબાનો એક તરફ દુનિયા સમક્ષ ભીખનું શકોરું લઈને ઊભા છે પણ એમના સત્તાકારણમાં મહિલાઓનો સમાવેશ કરવા હરગિજ તૈયાર નથી. અમેરિકાના સંરક્ષણ હેઠળ વીસ વર્ષ સુધી અફઘાન મહિલા એક આદરણીય ઊંચાઈએ પહોંચી હતી. તાલિબાન એને ફરી પાછી બુરખાની અંધારી કોટડીમાં કેદ કરી રહ્યા છે અને અધિકારી પદ ભોગવી ચૂકેલી મહિલાઓને એમના ઘરોમાં ઘૂસીને રહેંસી રહ્યા છે. પેરા ઓલિમ્પિકમાં અફઘાન મહિલાઓ પણ કયારેક ગોલ્ડ મેળવી શકી હોત - પણ પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થા અને ધાર્મિક કટ્ટરતા એમની પ્રગતિમાં રોડાં બની રહેલ છે.

# શૂન્યમાંથી સર્જન કરે ને પછી એ સર્જન થકી પરહિતના દીવડા પ્રગટાવે



### અજવાળું - અજવાળું

તુષાર જોશી

યે તેરા ઘર યે મેરા ઘર... હિન્દી સિનેમાના આ અને આવા અનેક ગીતોમાં એક વ્યક્તિના પોતાના ઘરની વાત, ઘરના ઘરની વાત અભિવ્યક્ત કરવામાં આવી છે. માનવ જીવનની રોજિંદી જરૂરિયાતોમાં રોટી-કપડા ઔર મકાન ગણાવાયા છે. મકાન પણ એક ઘટના છે અને ઘર વળી બીજી ઘટના છે. માત્ર ઈંટ-ચુનો - રેતીથી મકાન બને છે અને એમાં રહેનારા માણસોના પ્રેમપૂર્ણ વહેવાર થકી ઘર બને છે.

'ઘર અને એમાં પણ 'ઘરનું ઘર' વિશેની વાતોનું સહજ સ્મરણ થયું એના મૂળમાં તાજેતમરાં યોજાયેલા એક સમારોહ છે. આ સમારોહ અમદાવાદના, મેમનગર વિસ્તારમાં યોજાયો હતો.'

અમદાવાદ મહાનગર પાલિકા અને શ્રી નવનીતભાઈ પટેલના પરિવાર દ્વારા યોજાયેલા સમારોહમાં દિવંગત નવનીતભાઈ પટેલના સામાજિક સેવાના અભૂતપૂર્વ યોગદાનને ધ્યાને લઈને એમના સત્કાર્યો અને સદ્‌ગુણોને જીવંત રાખવા 'નવનીતભાઈ પટેલ માર્ગ' નું નામકરણ રાજયના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા રાજકીય - સામાજિક - વ્યાપારી - આર્થિક અને વિધવિધ ક્ષેત્રના અનેક મહાનુભાવો તથા નવનીતભાઈના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

નવનીતભાઈનું મહત્ત્વનું સામાજિક પ્રદાન એ હતું કે તેઓએ પાર્શ્વનાથ કોર્પોરેશનના માધ્યમથી અમદાવાદમાં સવા લાખથી પણ વધુ સંખ્યાના લોકોને માટે 'ઘરનું ઘર'નું સ્વપ્ન સાકાર કરી આપ્યું હતું.

એમના પુત્ર રુષભભાઈ પટેલ કહે છે કે, 'મારા પિતાશ્રીને આજે લોકો કેમ યાદ કરે છે ? એ પ્રશ્નના જવાબમાં એમની ૪૫ વર્ષની કારકિર્દી મારી નજર સામે આવી જાય છે. એમણે ઘર વેચવાની નહિ, લોકોમાં ઘર ખરીદવાની શક્તિ, ઊભી કરી હતી.'

વાત પણ સાચી છે. ૧૯૮૦ના દાયકાના અંતિમ વર્ષોમાં અને ૧૯૯૦ના દાયકામાં ચારે બાજુથી અમદાવાદ શહેર વિકસી રહ્યું હતું. નવનીતભાઈએ કોઠાસુઝથી આઉટર પેરીફરીમાં મકાનોની ટાઉનશીપ બનાવી જેથી મકાનો સસ્તા પડે. એમને પ્લાન બનાવ્યા - મમકાનો બનાવ્યા - લોન પણ આપીને મકાન પણ આપ્યા. એમણે જે જે ટાઉનશીપો બનાવી એના નામના કારણે આજે એ વિસ્તાર ઓળખાય છે. એવા કેટલાયે પ્રોજેક્ટસ અને આયોજનો હતા જે કદાચ ગુજરાતમાં નહિ, પરંતુ તે સમયે ભારતમાં કોઈ બિલ્ડર દ્વારા પ્રથમવાર અમલમાં મૂકાયા હોય. આજે ગુજરાતની મહત્ત્વપૂર્ણ સંસ્થા 'ગાહેડ'ની શરુઆતમાં જ એમનો પ્રમુખ ફાળો અને છતાં પાયાનું કામ કરીને આ સંસ્થામાં કયારેય કોઈ પદ સ્વીકાર્યું નહીં. ધર્મ અને અધ્યાત્મ ક્ષેત્રમાં સતત દાન આપતા રહ્યા - સત્કર્મો કરતા રહ્યા પણ કયાંયે તકતી ન મુકાવી. અબોલ જીવો માટેના કરુણાના કાર્યો હોય, સંઘ સાથે જોડાયેલા કામો હોય કે સાધુ-સાધ્વીના વૈયાવચના અને સંતોની સેવાના કાર્યો હોય, નવનીતભાઈ હંમેશા સેવામાં જોડાયેલા જ હોય. શહેરની - સમાજની સુખાકારી માટે એમણે જીવન સમર્પિત કર્યું. ટ્રસ્ટીશીપના સિદ્ધાંતોથી જીત્યા. એમના પરિવારને પણ ઉદારતાના સંસ્કારો આપ્યા એટલે નવી પેઢી પણ સહજતાથી સામાજિક સેવાના કાર્યોમાં જોડાયેલી રહે છે.

આપણી આસપાસ એવા કેટલાયે વ્યક્તિત્વો હોય છે. જેમણે પોતાનું જીવન સમાજ સેવા માટે સમર્પિત કર્યું હોય. પોતાની બુદ્ધિ અને પુરુષાર્થથી ધન કમાય પરંતુ એ ધનમાંથી યોગ્ય રકમ પરોપકાર માટે, અજાણ્યાના આનંદ માટે પણ વાપરે. સદાકાર્યોમાં અને સેવાના કાર્યોમાં જોડાયેલા રહે ને છતાં એ બાબતનો કોઈ ભાર એમના વાણી - વર્તનમાં જોવા ના મળે. શૂન્યમાંથી સર્જન કરેને પછી એ સર્જન થકી પરહિતના દીવડા પ્રગટાવે ને બીજા લોકોના જીવનમાં સુવિધાના અજવાળા ફેલાવે.

# ચાર આશ્રમ....



### વિચારયાત્રા

ડો. જય ઓઝા

**(ગતાંકથી આગળ....)**

માબાપે વિચારવું જોઈએ કે આપણે કેટલાં બાળકોનો ઉછેર અને વિકાર કરી શકીએ તેમ છીએ ? એમણે મૃત્યુ આવે તે સમય સુધી પારણાં ઝુલાવવાનાં એટલું જ નહીં પણ વાનપ્રસ્થમાં પ્રવેશ કરતી વખતે બાળકો પોતાનો ઘરસંસાર પોતાના પર લેવા માટે સક્ષમ થયાં હોવાં જોઈએ. ધારો કે સાઠમાં વર્ષે વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો થાય તો તેનો સો અર્થ ? સાઠમા વર્ષે મારું સૌથી નાનું સંતાન વીસ-પચીસ વર્ષનું હશે. એનું શિક્ષણ પૂરું થઈ ગયેલું હશે, એ સંતાન પૂરેપૂરું મોટું થઈ ગયું હશે. માબાપની છત્રછાયાની હવે એને જરૂર નથી. આ પ્રમાણે બધું હોવું જોઈએ. એટલે ચાલીમાં વર્ષથી માબાપે નિવૃત્તકામ થવું જોઈએ. ચાલીસ વર્ષ સુધીમાં પણ આઠદસ બાળકો થવામાં શો વાંધો ? પણ બાળકો પેદા કરવાં એ એકમાત્ર કામ નથી.એ બાળકોની વ્યવસ્થા પણ આપણે કરવી જોઈએ. એ બધાને સંગોપન, સંરક્ષણ અને શિક્ષણ આપતાં આવડવું જોઈએ. આપણે સંયમ સાધી ન શકતા હોઈએ તો શિક્ષણ આપતાં આવડવું જોઈએ. આપણે સંયમ સાધી ન શકતા હોઈએ તો સંતતિનિયમનના ઉપાયો પ્રયોજવાં વાંધો ન હોય, પણ માણસને સંયમ જ શોભે છે.

સંયમ, ત્યાગ, વાસનાવિકાર પર નિયંત્રણ, પ્રેમ, સહકાર જેવા ગુણોનું શિક્ષણ ગૃહસ્થાશ્રમમાં મળે છે. આપણે પાકતા જઈએ છીએ. ઉચ્છૃંખલતા ઓછી થાય ચે. પુખ્તતા આવે છે. જીવનમાં જાતભાતના અનુભવો થાય છે. ખટાશ જવા લાગે છે અને મધુરતા આવે છે.

મર્યાદિત કુટુંબની સેવા આપણે કરી. એ મર્યાદિત કુટુંબમાં આપણે સેવાના જે ગુણ શીખ્યા તે હવે સમાજમાં આપવાના. આપણે આપણઆ કુટુંબથી બહાર જઈને સમાજને જ કુટુંબ માનવાનો. વધુ અનાસક્ત થવાનું, વધુ વ્યાપક થવાનું. વધુ વિકસિત થવાનું. આત્માનું રાજ્ય વિકસિત કરવાનું. વાનપ્રસ્થ એટલે વનવાસમાં જવા નીકળેલો, ભવન છોડીને વનમાં જવા નીકળેલો. વાનપ્રસ્થો વનમાં રહેતાં. ત્યાં આશ્રમ ચલાવતાં, ત્યાં શાળા ચલાવતાં. વાનપ્રસ્થ જેવો ઉત્તમ શિક્ષક નહીં. અનુભવી, પુખ્ત, શાંતકામ, હસતાં-રમતાં ભણાવે તેવો જ શિક્ષક હોવો જોઈએ. વળી, વાનપ્રસ્થને કશું જોઈતું પણ નથી હોતું. એને પેટ પૂરતું આપ્યું એટલે બસ.

આજે હજારો પેન્શનરો છે. ખરી રીતે જોતાં તેમણે બધી બાજુ શાળાઓ ખોલવી જોઈએ. દસ વર્ષમાં શિક્ષણ બધે ફેલાશે. પણ એ લોકો તો પૂનામાં બંગલા બાંધીને દૌહિત્રને રમાડતાં બેસી રહે છે ! ખરેખ તો હવે એમણે બધાંના દૌહિત્રોને રમાડવાં જોઈએ. તેના માટે સુંદર આશ્રમ બનાવીને રહેવું જોઈએ. આજે સમાજમાં વાનપ્રસ્થ કોઈ નથી. કુટુંબની મર્યાદિત આસક્તિ છોડીને સમાજની સેવા જે નિઃસ્વાર્થપણે કરવા માગે તે વાનપ્રસ્થ.

**સંન્યાસ આશ્રમ**

અને પછી સંન્યાસ ! સંન્યાસમાં અમુક જ સમાજની સેવાની પણ આસક્તિ નહીં. સંન્યાસી માટે કોઈ હિંદુ નહીં, કોઈ મુસલમાન નહીં. એ સેવા જ કરતો રહેશે. ભેદાતીત પ્રેમ આપશે. જે પશુપક્ષી, કીડીમકોડાં, વૃક્ષવનસ્પતિનો પણ મિત્ર થતો હોય તે માણસોમાં કંઈ ભેદ પાડે ? સંન્યાસી નહીં ઓળખે મરાઠી, નહીં ઓળખે ગુજરાતી; એ બધાંથી ઉપર જશે. એ ભેદભાવના કીચડથી પર હશે. સંન્યાસ એટલે નિર્વાણ. સ્વ-ને સંપૂર્ણ બુઝાવી દેવાનો. મારું કુટુંબ, મારો સમાજ, મારી જાતિ, મારો ધર્મ, મારો દેશ એમાંથી કંઈ જ મહત્ત્વનું નહીં. મારું માન, મારું ખાવાનું, મારો પૈસો – એવી કોઈ વાત અહીં નથી. સંન્યાસ એટલે સમદૃષ્ટિ. સૂર્યનાં કિરણ સહુ માટે છે, તેમ સંન્યાસ પણ સહુ માટે છે. મારી પાસે જે કોઈ આવે એના માટે હું છું.

એટલા માટે જ સંન્યાસીએ એક જ ઠેકાણે રહેવું નહીં એમ કહ્યું છે. તે પવનની જેમ જીવન આપતો, વિચરતો રહેશે. સૂર્યની જેમ પવિત્રતા અને પ્રકાશ આપતો ભ્રમણ કરતો રહેશે.

આ રીતે આ ચાર આશ્રમોમીં અંતે કેવળ નિરહંકાર થવાનું, વિશ્વાકાર થવાનું. મારા આત્માએ વિસ્તરતાં વિસ્તરતાં સહુને પ્રેમથી પોતાના બાથાં લેવાના !

આજે આપણા સમાજમાં બ્રહ્મચર્યનો લોપ થયો છે. વાનપ્રસ્થ અને સંન્યાસ એ માત્ર નામો જ રહ્યાં છે. એક ગૃહસ્થાશ્રમ બાકી છે. પણ એય રોતડો અને નિસ્તજ.

આજે વર્ણાશ્રમ ધર્મ થોડો ઘણો પણ ક્યાં. રહ્યો છે એમ હું વિચારવા લાગું છું. ત્યારે તે લગભગ ક્યાંય દેખાતો નથી. વર્ણધર્મનો પ્રયોગ તો સ્વરાજ આવે ત્યારે જ શક્ય છે, અને આશ્રમધર્મ દરેકના વિવેકમાંથી જન્મ લેશે. તે કંઈ લાદવાના ઓછો હોય ? વર્ણ કદાય લાદી શકાય – "તને આ જ કામ સારું ફાવશે, તું આ જ કામ કર", એમ કરી શકાય. પણ વાનપ્રસ્થ અને સંન્યાસ એટલે કંઈ લાલ કપડાનું વસ્ત્રદાન છે ? દુઃખી જીવોને આનંદમૂર્તિ નામ આપવું એટલે કંઈ સંન્યાસ કહેવાય ? સંન્યાસ એટલે ધંધો નહીં. સંન્યાસની પ્રેરણા અંદરથી થવી જોઈએ. પોતાના વિકાસની ઈચ્છા હોવી જોઈએ. ઉત્તરોત્તર વિકાસ પામવાની તૃષ્ણા જોઈએ.

સમાજને જે સર્વત્ર વાનપ્રસ્થ અને સંન્યાસની જરૂર છે. સેંકડો પ્રસારક જોઈએ છે. સેંકડો સંગઠનકાર જોઈએ છે. ઉદ્યોગોનું ધર્મનું, અર્થશાસ્ત્રનું, શિક્ષણનું એમ સર્વ પ્રકારનું જ્ઞાન આપનારા હજારો વ્રતી માણસો જોઈએ છે. પણ એકેય મળતો નથી. એવા લોકો જોઈએ છે કે જે સમાજને એક મોટું કુટુંબ માનીને એ સમાજ માટે કામ કરે. વર્ણાશ્રમધ્રમનાં પાટિયાં લગાવીને બધાં બેઠાં છે ! પણ નબળા ગૃહસ્થાશ્રમથી આગળ એક પણ ડગલું માંડવા માટે કોઈ તૈયાર નથી.

જનસમાજનું સમસ્ત હિત લક્ષ્યમાં રાખી બ્રાહ્મણ શાસ્ત્રકારોએ જેમ ચાર વર્ણની વ્યવસ્થા કરી છે, તેમ દરેક મનુષ્ય પોતાના જીવનમાં પોતાનું હિત પૂરેપૂરું સાધી શકે એ હેતુથી તેઓએ ચાર આશ્રમ બાંધ્યા છે : (૧) બ્રહ્મચર્યાશ્રમ, (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ (૪) સંન્યાસાશ્રમ. ચાર વર્ણ તો જનસમાજમાં સ્વાભાવિક રીતે જ-પ્રકૃતિથી, એની મેળે જ-ઉત્પન્ન થાય છે, એમાં શાસ્ત્રકારોએ કર્યુ તે બહુધા એટલું જ કે એની વ્યવસ્થા બાંધી. પણ આ આશ્રમમાં તો, ગૃહસ્થાશ્રમ બાદ કરતાં બાકીના આશ્રમ શાસ્ત્રકારોએ વિશેષે કરી પોતાની જ જ્ઞાનદૃષ્ટિ ઉપજાવ્યા છે, અને મનુષ્ય પોતાનું સમગ્ર કલ્યાણ પૂરેપુરૂં કેવી રીતે સાધી શકે તેની ઉત્તમ યોજના કરી છે. ?આશ્રમ' એટલે વીસામોઃ વટેમાર્ગુ જેમ વાટમાં વીસામો લેતો લેતો ગન્તવ્યસ્થાને પહોંચે, તેમ આ ચાર આશ્રમોને એક પછી એક સેવીને મનુ,ય પોતાને ગન્તવ્યસ્થાને-પરમપદે વા મોક્ષે-પહોંચે છે એમ કહેવાનું તાત્પર્ય છે. બીજી રીતે અર્થ કરીએ તો, ઋષિઓ જેમ વનમાં ?આશ્રમ'- રહેઠાણ બાંધીને રહેતા, તેમ સાધારણ મનુષ્ય આ સંસારરૂપી વનમાં રહીને પવિત્ર જીવન ગાળવું હોય તો ગાળી શકે તે માટે એમણે બાંધેલાં આ રહેઠાણ યાને ?આશ્રમ' છે.

૨. અત્યન્ત સાદાઈ અને પવિત્રતાથી ગુરુને ઘેર રહી વિદ્યા ભણવી એ બ્રહ્મચર્યાશ્રમનો ધર્મ છે. ?બ્રહ્મ' એવું જે વેદની વિશાળ અને પવિત્ર વિદ્યાનું નામ છે એનું જ્ઞાન મેળવવું અને એના નિયમો આચરવા એને ?બ્રહ્મચર્ય' કહે છે. આ બ્રહ્મચર્ચ યોવીસ વર્ષની ઉમ્મર થતાં સુધી અવશ્ય પાળવું એમ શાસ્ત્રની આજ્ઞા છે. જન સમસ્ત જીવન વિદ્યાની જ સેવામાં, અને એની સાથે જોડાએલી સાદાઈ અને પવિત્રતામાં ગાળવાની ઈચ્છા હોય તેને તેમ કરવાની છૂટ છે. પણ સાધારણ રીતે ઉપર કહી તે ચોવીસ વર્ષની ઉમ્મર સુધી તો દરેક દ્વિજે – એટલે કે બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યે – વિદ્યા ભણવી જ જોઈએ એમ શાસ્ત્ર કહે છે. આ આશ્રમમાં, ભણવા ઉપરાંત, સાદાઈ અને દેહકષ્ટના કેટલાક નિયમો પાળવાના હોય છે જેથઈ આગળ જતાં માણસ જ્યારે દુનિયાદારીમાં પડે ત્યારે એશઆરામી અને પોચો ન થતાં, મહેનતુ અને દઢ થાય. શાસ્ત્રકારાએ આ આશ્રમની જરૂર એટલી બધી માની છે કે રંક તેમ રાજા-સર્વને આ આશ્રમ સેવવાની ફરજ બતાવી છે.

(ક્રમશઃ)

- jayuoza@gmail.com,
Mo.9898046488

# જલન નહીં લગનથી કાર્ય થાય તો શ્રેષ્ઠ પરિણામ મળે



### આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

'માઉન્ટેન મેન' હરિહરે લગનથી પર્વત કાપી માર્ગ ઉદાહરણીય કાર્ય કરી બતાવ્યું...

**ક્યોં ડરે કી જિંદગી મેં ક્યાં હોગા,**
**હર વક્ત ક્યું સોચે કી બુરા હોગા,**
**બઢતે રહે મંજીલ કી ઔર હમ,**
**કુછ ન મિલા તો ક્યાં,**
**તજુર્બા તો નયા હોગા...**

વ્યક્તિ ક્યારેય નબળો હોતો નથી. વ્યક્તિ હંમેશાં સબળો હોય છે. સમય જ નબળો હોય છે. જ્યાં સુધી પોતાની મુશ્કેલીઓ અને તકલીફોનું કારણ બીજું કોઈ છે એવું માનવામાં આવે ત્યાં સુધી પોતાની કોઈ પણ સમસ્યાનો અંત લાવી શકાતો નથી. એક વાત સ્પષ્ટ રીતે સમજી લેવી પડે કે, જગતમાં જ નહીં બલકે, અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્ત તમામ ઐશ્વરીય શક્તિઓ આદિ અનાદિ કાળથી આપણી પોતાની તો છે. પરંતુ તકલીફ ત્યારે પડે કે, જ્યારે આપણે પોતે જ આપણી આંખો ઉપર હાથ મૂકી દઈને ખૂબ અંધારું છે એવી બુમો પાડતાં રહીએ છીએ.

નિષ્ફળતા માટે બીજા વ્યક્તિનો હાથ કે અસમર્થ હોવાનો દોષ કાઢીને બેસી ન રહેવાય. કોઈપણ પરિસ્થિતિમાં સતત-અવિરત આગળ વધવામાં અને ચાલતા રહેવાની જ મજા છે. આપણી પાસે બે જ વિકલ્પો છે. સમયની સાથે બદલાવું પડે અથવા સમયને બદલવો પડે. ચોઈસ ઈઝ યોર્સ. જ્યારે જ્યારે મુસીબતોથી દૂર ભાગવામાં આવે ત્યારે ત્યારે નવી એક મુસિબત મોઢું ફાડીને સામે ઊભી જ હોય છે.

જીવનમાં સમયાંતરે હંમેશાં એક પછી એક નવી ચેલેન્જીસ આવતી જ રહેવાની અને એનો મક્કમતાથી મુકાબલો કરતાં જ રહેવું પડે. સાચું પૂછો તો, જીવનની નક્કર વાસ્તવિકતા પણ આ જ તો છે. એક શાંત અને સુંદર સમુદ્રમાં કુશળ નાવિક ક્યારે તૈયાર ન થઈ શકે. ભયાનક લહેરો અને તોફાની તાંડવ કરતા સમુદ્રની વચ્ચે જ નાવિકના કૌશલ્યનું નિર્માણ થતું હોય છે.

ઓડિસાના નાઈગર જિલ્લામાં હરિહર બેહરા નામનો એક યુવાન રહે. એના ગામનું નામ તુલુબી. આ ગામની આગળ એક પર્વત. જેને પરિણામે ગામ લોકો નજીકના ગામ સુધી સંપર્ક કરવામાં ખૂબ મુશ્કેલી અનુભવે. હરિહરે સ્થાનિક સત્તાવાળાઓને વિનંતી કરી કે, પર્વત કાપીને ત્રણેક કિલોમિટરનો જો રસ્તો બનાવવામાં આવે તો તેમના ગામની ઘણી બધી મુશ્કેલીઓ હલ થઈ જાય. પરંતુ કોઈ કારણસર વહીવટી તંત્ર હરિહરના સૂચનને અમલમાં મૂકી શક્યું નહિં. હરિહરે થોડા દિવસ તંત્રમાં રસ્તો બનાવવા માટે પ્રયાસ કરી જોયો પરંતુ એમાં તેને સફળતા ન સાંપડી. બીજું કંઈપણ વિચાર્યા વગર હરિહરે હાથમાં કોદાળી, હથોડો અને પાવડો લીધો અને લાગી ગયો પહાડના પથ્થર તોડીને માર્ગ બનાવવાના કામમાં.



દિવસે મોટા ભાઈ સાથે ખેતરમાં ખેતીનું કામ કરીને હરિહર સાંજ પડતાં જ કોદાળી, હથોડો અને પાવડો લઈને પહાડના પથ્થરો તોડી રોડ બનાવવાના કામમાં લાગી જતો. ધીમે ધીમે એનો મોટો ભાઈ અને ગામ લોકો પણ એના આ કાર્યમાં યથાશક્તિ યોગદાન આપતા. એક મહિનો, એક વર્ષ, પાંચ વર્ષ નહીં પણ પૂરા ૩૦ વર્ષ સુધી હરિહરે લગનપૂર્વક રસ્તો બનાવવાનુ કામ ખંતથી કરે રાખ્યું. પરિણામે ૩૦ વર્ષ પછી પર્વત કાપીને ત્રણ કિલોમિટરનો લાંબો રસ્તો બનાવવાનું જે કામ યુવાનીમાં શરૂ કરેલું તે છેક વૃદ્ધાવસ્થામાં આવીને પુરું થયું. હવે હરિહરના ગામ તુલુબીમાં આવનારા લોકોને લાંબુ ફરીને આવવુ નથી પડતું. અને જંગલમાં ભૂલા પડી જવાની તકલીફ પણ પડતી નથી. વળી, તુલુબી ગામ હવે આજુબાજુના ગામો અને શહેરો સાથે જોડાઈ જતાં તુલુબીનો વિકાસ પણ સરસ રીતે થઈ રહ્યો છે. આ પ્રેરણાત્મક કહાની સ્થાનિક મિડીયા સહિત નેશનલ ચેનલોએ પણ ખુબ વધાવી. ઓડિસાના હરિહરની કહાની બિહારના 'માઉન્ટેન મેન' તરીકે ફેમસ દશરથ માંઝીની કહાની જેવી જ છે. દશરથ માંઝીએ ૨૨ વર્ષ લગાતાર મહેનત કરી પહાડ તોડીને રસ્તો બનાવ્યાની વાત દેશ અને દુનિયા જાણે છે.

કોઈપણ વાતની જલન ન હોવી જોઈએ. બળતરાથી ક્યારેય સારૂ પરિણામ મળતું નથી. જલન નહીં લગનથી જ્યારે કામ થાય ત્યારે તેનું ઉત્તમ પરિણામ મળે છે. તંત્ર દ્વારા હરિહરને રોડ બનાવવા માટે અનુકૂળતા ન સાંપડી તો કોઈપણ પ્રકારની જલન કે બળતરા રાખ્યા વગર હરિહરે લગનપૂર્વક પહાડના પથરા તોડીને રોડ બનાવવાનું કામ શરૂ કરી દીધું. સમય ચોક્કસ વધારે ગયો પણ પરિણામ પણ સારું જ મળ્યું. મહત્વની વાત તો એ છે કે, જ્યારે વ્યક્તિને પોતાના કામ અને વિચાર ઉપર સંપૂર્ણ ભરોસો હોય તો નિશ્ચિતપણે સારા પરિણામની સફળતા મળતી હોય છે. જીવનની ઘટમાળમાં ઉતાર ચઢાવ આવતાં જ હોય છે પરંતુ આ ઉતાર ચઢાવને યોગ્ય રીતે સમજવાની શક્તિમાં સફળતાનો રાઝ છુપાયેલો હોય છે. જ્યારે કોઈ વિચારને હાથ પર લઈએ છીએ ત્યારે પોતાની જાત સાથે કેટલી અડગતાથી સંવાદ કરીએ છીએ તેની ઉપર લક્ષ્ય પ્રાપ્તિ અવલંબિત હોય છે. એવું કહેવાય છે કે, વ્યક્તિ લક્ષ્ય પ્રાપ્તિ માટે પોતાની જાત સાથે જે સંવાદ કરતો હોય છે, તે મહદઅંશે સાચો પૂરવાર થતો હોય છે.

મજબૂત મનોબળવાળી વ્યક્તિની છ મહત્વપૂર્ણ ખાસિયતો હોય છે. એક તો કોઈપણ પરિસ્થિતિ કાયમી હોતી નથી તેવી માનસિકતા સાથે સદાય આગળ વધવાની એની તમન્ના. બીજું કોઈપણ વિપરિત પરીસ્થિતિમાં આવી વ્યક્તિ પોતાના મન ઉપરનો કાબુ ગુમાવતા નથી. ત્રીજું જ્યારે પણ કાર્યના અમલીકરણમાં કોઈ ભૂલ થાય તો તેનો ખુલ્લા મને આવા લોકો સ્વીકાર કરતાં અચકાતા નથી. ચોથું અન્યને પોતાના કાર્યમાં જોડીને એમને મદદ કરવાની ભાવના બળવત્તર હોય છે. પાંચમું થોડીક સફળતા મળ્યા પછી આવા લોકો સફળતાનો ઉન્માદ અને આનંદમાં પડ્યા વગર સતત કાર્ય કરતાં રહે છે. છઠ્ઠું અને છેલ્લે આ લોકો સમયપાલનના ચુસ્ત આગ્રહી હોય છે. એક વાત સ્પષ્ટપણે સમજી લેવી પડે કે જીવનમાં તકલીફો વ્યક્તિને બરબાદ કરવા માટે કે તહસ-નહસ કરવા માટે આવતી નથી. તકલીફો તો વ્યક્તિમાં પડેલા સામર્થ્યને ઉજાગર કરવા આવે છે. મુશ્કેલીઓ વ્યક્તિમાં પડેલી અસીમ સંભાવનાઓને બહાર લાવવામાં મદદ કરે છે.

**ધબકાર :**

**મુશ્કેલીઓને પણ ખબર પડવી જોઈએ કે, તમે એના કરતાં વધારે મજબૂત છો.**